રાજકીય વિકલ્પ વ્યવસ્થા પરિવર્તન માટે : ટીમ અણ્ણા

રાજકીય પાર્ટીની રચનાની જાહેરાત કરતા અણ્ણા હજારે અને તેમની ટીમે કહ્યું કે રાજકીય રીતે આગળ વધવાની તેમને ફરજ પડી છે

નવી દિલ્હી,તા.૩

ટીમ અણ્ણાએ આજે પોતાના સંકલ્પની જાહેરાત કરતા જણાવ્યું હતું કે ભ્રષ્ટાચારના મામલે કોઈપણ બાંધછોડ કરવામાં આવશે નહીં. ચુંટણી મેદાનમાં ઉતરવાની પરોક્ષ રીતે જાહેરાત કરતા ટીમ અણ્ણાએ કહ્યું હતું રાજકીય વિકલ્પ મારફતે તેમની લડાઈ સત્તા માટે નહીં બલ્કે વ્યવસ્થા પરિવર્તનની રહેશે. રાજકીય પાર્ટીની રચનાની જાહેરાત કરતા અણ્ણા હજારે અને તેમની ટીમે કહ્યું છે કે રાજકીય રીતે આગળ વધવાની તેમને ફરજ પડી છે. કારણ કે સરકાર જવાબ આપવાની સ્થિતીમાં દેખાઈ રહી નથી. અણ્ણા હજારે, અરવિંદ કેજરીવાલ, મનિષ સીસોટીયા અને ગોપાલરાયે તેમના અનશન તોડ્યા ત્યારે મોટી સંખ્યામાં અણ્ણાના સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. તેમના અનશન ૨૫મી જુલાઈએ શરૂ થયા હતા. ત્રણ સભ્યોએ ૨૫મી જુલાઈએ અનશન શરૂ કર્યા હતા. જ્યારે અણ્ણા ૨૯મી જુલાઈએ અનશનમાં જોડાયા હતા. ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શનની વેબસાઈટ પર જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવામાં આવ્યું છે કે અણ્ણા એક હિરો છો. તેઓ ક્યાં સુધી લોકોની વાત સાંભળશે નહીં. ટીમ અણ્ણા રાજકીય યુદ્ધ મેદાનમાં ઉતરવા તૈયાર છે. ભ્રષ્ટાચાર સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. બીજીબાજુ અણ્ણા

હજારે અને તેમની ટીમના સભ્યો અનશન અંત કરી ચુક્યા છે અરવિંદ કેજરીવાલે સમર્થન આપતા કહ્યું છે કે નવી રાજકીય પાર્ટીની રચના કરાવમાં આવશે. પરંતુ ચુંટાયેલા પ્રતિનિધીઓ ભ્રષ્ટાચારી ન બને તેની ખાતરી કરવામાં આવશે. કેજરીવાલે કહ્યું છે કે સંસદની અંદર અને સંસદની બહાર ભ્રષ્ટાચાર સામે લડત ચલાવવામાં આવશે. કેજરીવાલ ૧૦ દિવસથી ભુખ હડતાળ પર છે. જ્યારે અણ્ણા રવિવારના દિવસે ભુખ હડતાળમાં જોડાયા હતા. કેજરીવાલનું કહેવું છે કે સંસદમાંથી તેમના આંદલનને આગળ વધારવાનો સમય આવી ગયો છે. આજે અણ્ણાની સાથે નિવૃત્ત જનરલ વીકે સિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે કહ્યું હતું ભ્રષ્ટાચાર ભારતમાં એક મોટો માલલો છે. અણ્ણાએ એખ રાજકીય વિકલ્પની ઓફર કરવી જોઈએ. કિરણ બેદીએ કહ્યું છે કે ટીમ અણ્ણા સારા અને પ્રતિષ્ઠિત લોકોની ઓળખ કરીને રાજકારણમાં ઉતારવાનો પ્રયાસ કરશે. દરમિયાન કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે અણ્ણા અને તેમની ટીમના રાજકીય પાર્ટી બનાવવાના નિર્ણયનું કોંગ્રેસ સ્વાગત કરે છે. ટીમ અણ્ણાના સભ્યો હંમેશા સત્તામાં આવવા ઈચ્છુક હતા તેવી જીકે વાસને પ્રતિક્રિયા આપી. નિતિષ કુમારે પણ અણ્ણાના નિર્ણયનું સ્વાગત કર્યું.

જમ્મુ કાશ્મીર હોસ્પિટલમાં ગયા વર્ષમાં ૧૪૦૦નાં મોત

શ્રીનગર,તા.૩

જમ્મુ કાશ્મીરમાં ગયા વર્ષે હોસ્પિટલમાં ૧૪૦૦ બાળકોને મોત થયા હતા. આટલી મોટી સંખ્યામાં બાળકોને મોતના કારણે આરોગ્ય વ્યવસ્થા સામે પણ હવે પ્રશ્નો ઉઠવા લાગી ગયા હતા. ભારે હોબાળો થતાં જમ્મુ કાશ્મીર સરકારે શ્રીનગરની જીબી પંત હોસ્પિટલમાં નવજાત શિશુઓના મોતના મામલામાં તપાસ કરવા શૌકત હુસેનના નેતૃત્વમાં તપાસ પંચની રચના કરી દીધી હતી. હવે આ પંચે તેના તારણો આપી દીધા છે જેમાં જણાવ્યું છે કે ભારે બદરકારી, ઉદાસીનતા દેખાઈ રહી છે. ગયા વર્ષે ૧૪૦૦થી વધુ બાળકોના મોત થઈ ગયા હતા. સરકાર દ્વારા નિમવામાં આવેલા પંચે શ્રેણીબદ્ધ તારણો આપ્યા હતા જેમાં બાળકોની હોસ્પિટલના પૂર્વ મેડીકલ સુપ્રીટેન્ડેન્ટને પણ દોષિત ઠેરવવામાં આવ્યા છે. સુપ્રીટેન્ડેન્ટ જાવેદ ચૌધરી ઉપર બેદરકારી અને જવાબદારીને યોગ્ય રીતે નહીં સ્વીકારવાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. રાજ્ય સરકારે મીડિયામાં અહેવાલો આવ્યા બાદ તપાસ કરવા પંચની રચના કરી હતી. હવેઆ પંચે પોતાના તારણોઆપી દીધા છે. આમા જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષે મોતનો જે આંકડો આપવામાં આવ્યો છે તેના કરતા આંકડો ખૂબ જ મોટો છે. આંકડાઓ અંડર રિપોર્ટેડ છે. મોતનોઆંકડોવધુહોઈ શકેછે. નવજાત શિશુઓના મોત ભારે બદરકારીના કારણે થયા છે. અંતિમ અહેવાલમાં રાજ્યની ઘણી હોસ્પિટલમાં તબીબો દ્વારા પ્રેક્ટીસ ઉપર પ્રતિબંધની માંગ કરવામાં આવી છે. શેરે કાશ્મીર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ માટેના ડિરેક્ટર રહી ચૂકેલા અને તપાસ પંચનું નેતૃત્વ કરી રહેલા શૌકત હુસેન જરગરે કહ્યું છે કે કોઈપણ તબીબ સાંજે ૪ વાગ્યા સુધી ઓપીડી ન છોડે તે જરૂરી છે. સાથે સાથે એમ પણ કહ્યું છે કે મોટાભાગના તબીબો ખાનગી પ્રેક્ટીસ પણ કરી રહ્યા છે. તેમને એમ પણ કહ્યું છે કે ફેકલ્ટીને આ સંબંધમાં શિક્ષણ આપવામાં આવે તે જરૂરી છે. ખાનગી પ્રેક્ટીસમાં તબીબોની સંડોવણી ફેકલ્ટીના સભ્યો વચ્ચે લડાઈનું મુખ્ય કારણ છે. જેના કારણે જીબી પંથની હોસ્પિટલની કામગીરી ખોરવાઈ ગઈ છે. બીજી બાજુ જાવેદ ચૌધરી સામે ફેકલ્ટીના સભ્યો દ્વારા આક્ષેપો, વળતા આક્ષેપો અને ગેરસમજ છે. એવું પણ જાણવા મળ્યું છે કે મોટાભાગે ચૌધરી હોસ્પિટલની બહાર રહે છે અને બાકીના સ્ટાફના લોકો તેમની ઈચ્છા મુજબ જ હોસ્પિટલની બહાર રહીને પરિસ્થિતિનો લાભ ઉઠાવે છે.

ઓલિમ્પિકમાં ભારતની નવી સિદ્ધિ વિજય કુમારે રજત ચંદ્રક મેળવ્યો

લંડન, તા.૩

ઓલિમ્પિક મહાકુંભમાં આજે સાતમાં દિવસે ભારતને એક મોટી સફળતા મળી હતી. જો કે અન્ય રમતોમાં દેખાવ નબળો રહ્યો હતો. જો કે એસ ભારતીય શુટર વિજયકુમારે નવો ઈતિહાસ સર્જ્યો હતો. વિજયકુમારે ૨૫ મીટર રેપિડ ફાયર પીસ્તોલમાં રજત જીતવામાં સફળતા મેળવી હતી. આની સાથે જ ભારતે ઓલિમ્પિકમાં બીજોચંદ્રક જીતી લેવામાં સફળતા મેળવી લીધી હતી. પુરૂષોની ૨૫ મીટર રેપિડ ફાયર પીસ્તોલમાં વિજયકુમારે ફાઈનલમાં ૩૦નો સ્કોર કર્યો હતો. રોયલ આર્ટીલરી બેરેટમાં વિજયકુમારે આ ઈતિહાસ સર્જ્યોહતો. વિજયકુમારે ફાઈનલમાં ૫, ૪, ૪, ૩, ૪, ૪, ૪ અને ૨નાં પોઈન્ટ લીધા હતા. જો કે ક્યુબાના યુરીસ પુપોને તે પછાડી શક્યો ન હતો. પુપોએ ૩૪ પોઈન્ટ લઈને સ્વર્ણ જીતવામાં સફળતા મેળવી હતી. સુવર્ણ જીતવામાં પુપોએ વર્લ્ડ રેકોર્ડની બરોબરી કરી હતી. ૫૦ મીટર રાઈફલમાં જોયદિપ કર્માકરે નિરાશ કર્યા બાદ વિજયે ટીમનો નેતક જુસ્સો વધાર્યોહતો. વિજયે ભારત માટે ચંદ્રક જીતીને નવી આશા જગાવી હતી. ગુરૂવારે ક્વોલીફિકેશનમાં તબક્કા એકમાં કુમારે ૨૯૩ પોઈન્ટ મેળવ્યા હતા. દરમિયાન અન્ય રમતમાં આજે ભારતનો નિરાશાજનક દેખાવ રહ્યો હતો. મહત્વપુર્ણ હોકી મેચમાં જર્મનીએ ભારત પર ૫-૧થી જીત મેળવી હતી. આની સાથે જ ભારતને હોકીમાં ચંદ્રકની આશા ખતમ થઈ ગઈ છે. સેમીફાઈનલ માટે ક્વોલિફાઈ થવા માટે હવે કોઈ તક રહી નથી. હોકી ઉપરાંત બેડમિન્ટમાંપણ ભારતનેઆજે નિરાશા હાથ લાગી હતી. સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈન નહેવાલ હારી ગઈ હતી. સાઈનાની હજુ કાંસ્યે જીતવાની આશા અકબંધ રહી છે. સાઈના નહેવાલને ટોચની ખેલાડી ચીનની યી હાન વાંગ સામે હાર થઈ હતી. મહિલાઓની સિંગલ્સ સેમીફાઈનલમાં તેની હાર થઈ હતી. પાંચમી ક્રમાંકિત ખેલાડી સાઈના અગાઉ ઓલિમ્પિકની સેમીફાઈનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી. પરંતુ વિશ્વની ટોચની બેડમિન્ટન ખેલાડી સામેતેણી ૧૩-૨૧, ૧૩-૨૧ હાર થઈ હતી. આ મેચ ૪૨ મિનિટ સુધી ચાલી હતી. વેમ્બેલેના ભરચક મેદાન ઉપર આ મેચ રમાઈ હતી. જો કે સાઈના નહેવાલ ઓલિમ્પિકમાં હજુ પણ કાંસ્યે ચંદ્રક જીતી શકે છે. તેપ્લેઓફ મેચમાં અન્ય ચીની ખેલાડી વાંગ સામેરમશે. ભારતીય ખેલાડી શનિવારના દિવસેચીનની બીજી ક્રમાંકિત ખેલાડી સામે રમશે. આજની મેચમાંહૈદરાબાદની ખેલાડી ટકી શકી ન હતી. સાઈનાએ મેચ બાદ કહ્યું હતું કે તેની હરીફ ખેલાડી ખુબ જ શક્તિશાળી દેખાઈ રહી હતી. હોકીમાં આજે કંગાળ દેખાવ રહેતા ભારતીય ચાહકોને નિરાશા હાથ લાગી હતી.

લીલી ઝંડી મળવામાં વિલંબથી અનેક પાવર પ્રોજેક્ટોને અસર

નવી દિલ્હી,તા.૩

કેન્દ્રીય પર્યાવરણ અને વન્ય મંત્રાલયે એવા મીડિયા અહેવાલને ફગાવી દીધા છે કે પર્યાવરણની મંજૂરી ન મળવાના કારણે ઘણા પાવર પ્રોજેક્ટો ખોરવાઈ ગયા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે લીલી ઝંડી મળવામાં વિલંબના લીધે ઘણા પ્રોજેક્ટોને માઠી અસર થઈ છે. બીજી બાજુ હવે પર્યાવરણ અને વન્ય મંત્રાલયે આવા અહેવાલને રદિયો આપ્યો છે. છેલ્લા બે દિવસ દરમિયાન દેશભરમાં ભારે અભૂતપૂર્વ વીજકટોકટીના પરિણામ સ્વરૂપે મીડિયામાં એવા અહેવાલ આવ્યા હતા કે પાવર ગ્રીડ ફેલિયોર માટે ઘણા બધા કારણો છે જે પૈકી એક કારણ પાવર પ્રોજેક્ટ છે. આ પાવર પ્રોજેક્ટોને પર્યાવરણ મંત્રાલયની મંજૂરી મળી નથી જેથી આ પ્રોજેક્ટો અટવાયેલા છે. મંત્રાલયનું કહેવું છે કે આ અહેવાલ પાયા વગરના છે. મંત્રાલયે પ્રોજેક્ટો ખોરવાઈ જવાના મામલે સીઆઈઆઈના ડેટાને ફગાવી દીધા

છે અને વિગતવાર પ્રોજેક્ટોની માહિતી આપી છે.સીઆઈઆઈ દ્વારા ઘણી માહિતી આપવામાં આવી હતી. સરકારનું કહેવું છે કે બિજાપુરમાં એનટીપીસી જેવા પ્રોજેક્ટોને મંજૂરી આપી દેવામાં આવી છે. ઉદ્યોગ સંસ્થા તરફથી ડેટા બીજી વાત કરે છે. અન્ય કેટલાક કેસોમાં મંજૂરી માટેની અરજીઓ મંત્રાલયને મળી નથી જેમાં સૌરાષ્ટ્રના કોલસા આધારિત પાવર પ્લાન્ટ અને એનપીસીઆઈએલનો સમાવેશ થાય છે. પોતાના આંકડા અંગે વધુ ખુલાસો કરતા સરકારે કહ્યું છે કે એનએચપીસી દિબાગ વેલી અને એનએચપીસી સુબનસીરી પ્રોજેક્ટો (અરુણાચલ પ્રદેશ)ને લોકોના વિરોધના કારણે મંજૂરી મળી નથી. મંત્રાલયનું કહેવું છે કે મોટાભાગના કેસોમાં કોલસા અને થર્મલ પાવર પ્રોજેક્ટોને મંજૂરી આપવામાં આવી છે. મંત્રાલયેની દલીલ છે કે મીડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલ યોગ્ય નથી.

લશ્કરે તોઈબાનો કુખ્યાત કમાન્ડર અબુ ઠાર મરાયો

શ્રીનગર, તા.૩

ઉત્તર કાશ્મીરના કુપવારા જિલ્લામાં એક ગામમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં લશ્કરે તોઈબાનો એક કુખ્યાત કમાન્ડર ઠાર થઈ ગયો છે. આ કમાન્ડર અનેક હુમલામાં સામેલ હોવાની વિગતો સપાટી ઉપર આવી છે. પોલીસ મહાનિદેશક એસએમ સહાય વિગત આપતા કહ્યુ છે કે અબુ હનજુલ્લા સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ઠાર થયો છે. તેની પાસેથી કેટલાક ઘાતક હથિયારો કબ્જે કરવામા આવ્યા છે. કાશ્મીરમાં સક્રિય તોઈબાના ટોચના કમાન્ડરો પૈકી હનજુલ્લા એક હોવાનું જાણવામળ્યુ છે. ઉત્તર કાશ્મીરમાં સુરક્ષા દળો અને નાગરિકો પર અનેક હુમલામાં તે સામેલ હતો. ૨૧ રાષ્ટ્રીય રાઈફલ અને પોલીસે રાજવાર વિસ્તારમાં ઓપરેશન હાથ ધર્યુ હતું.

આસામમાં નવેસરથી પુરની સ્થિતિ

લખીમપુર,તા.૩

આસામમાં નવેસરથી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આસામના લખીમપુર જિલ્લામાં પુરના નવેસરના મોજાના કારણે ૭૦૦૦૦ વસ્તી સાથે આશરે ૬૦ ગામોને અસર થઈ છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે સિંગરા નદીમાં પાણીની સપાટી ૩૦ ગામોમાં ચિંતાનજક રીતે વધી ગઈ છે જેના કારણે ૪૦ હજાર લોકોને અસર થઈ છે. આવી જ રીતે રંગનાડી નદીમાં પાણીની સપાટી વધી રહી છે જેથી

લખીમપુર સર્કલ હેઠળના ૩૦ ગામોને સંકંજામાં લઈ લીધા છે. લખીમપુરના સાંસદ રાની નારાનું કહેવું છે કે મજૂલીમાં ગાબડાની સમસ્યા સર્જાઈ ગઈ છે. મજૂલી વિશ્વના સૌથી મોટા વસ્તી ધરાવતા નદીના દ્વીપ તરીકે છે. અહીં પણ ચિંતાનું મોજું ફળી વળ્યું છે. તેમના સાંસદ વિકાસ ફંડમાંથી પૂર નિયંત્રણ અને ગાબડાંને દૂર કરવા માટે આ મહિલા સાંસદે ૧૦ લાખની જાહેરાત કરી છે. મોટા બંધના મુદ્દાનો ઉલ્લેખ કરીનેરાની નારાનુંકહેવુંછેકેકેન્દ્ર સરકાર સમક્ષ નિષ્ણાંત સમીતિ અહેવાલ રજૂ કરી ચૂકી છે જેનો અહેવાલ જારી કરવામાં આવેતે જરૂરી છે. મોટા બંધનું નિર્માણ રાજ્યના લોકોને રાહત આપશે.

શક્તિ-સમૃદ્ધિ અને સાથે...

● બીજા પાનાનું અનુસંધાન

મંદરાચલ પર્વત અને વાસુકિ નાગથી મંથન કરતાં મંદરાચલ ડૂબવા લાગતાં વિષ્ણુ ભગવાને કચ્ચરૂપ લઈ મદદ કરી બધા સાથે મળી મંથન કરતાં સમુદ્રમાંથી અને રત્નો, કામધેનૂ, કલ્પવૃક્ષ, ઐરાવત વિગેરે પ્રાપ્ત થયા. ત્યાં સુધી કોઈ ઝઘડો ન હતો. બધાનું લક્ષ્ય અમૃત પ્રાપ્તિનું હતું. પરંતુ તે પહેલાં હળાહળ ઝેર નીકળ્યું અને બ્રહ્માંડમાં વ્યાપવા લાગ્યું. પૃથ્વી ઉપર સમસ્ત ભુવન ભયભીત થઈ ગયું હતું. બધા જીવો ભયભીત હતા. આથી બધાએ મહાદેવજીને યાદ કર્યા.

નિયત પ્રમાણે બ્રહ્માંડનો ક્ષય થવાનો સમય આવેલ ન હોવા છતાં અકાળે ક્ષય જેવું લાગતાં બધા ચકિત થઈ ગયા. આ વિષ બ્રહ્માંડમાં ગમે ત્યાં રાખે તો ક્ષય કરનાર હોવાથી ભગવાન શિવજીએ હળાહળ વિષનું પાન કર્યું ત્યારે પાર્વતીજી ડરી જતાં પ્રભુનું ગળું પકડી લેતાં વિષને ગળામાં પચાવી લે છે. આથી કંઠનો રંગ બદલાઈ કર્પૂરગૌરમાંથી નીલકંઠ થઈ જાય છે.

પ્રભુ, જગતની રક્ષા માટે આપે ઝેર પીધું તેથી આ કાળો ડાઘ પણ નીલકંઠ તરીકે આભૂષણની જેમ શોભાયમાન થાય છે.

પ્રભુ આર્તત્રાણ પરાયણ છે. જે દિલથી પોકાર કરી રહ્યો છે તેનું રક્ષણ કરવું એ જ પ્રભુનું વ્યસન છે. પ્રભુ કોઈની ઉપેક્ષા કરતા નથી. કોઈપણ જીવ શરણમાં આવે તો ભક્તનો ઉધ્ધાર કરવા પ્રભુ પહોંચી જાય છે.

મનુષ્યમાં આસુરી સંપત્તિ અને દૈવી સંપત્તિના ગુણો હોય છે. અને આ બંને વચ્ચે હંમેશા અંતરમાં ખેંચતાણ થતી હોય છે. પ્રામાણિકતાનો વિજય થાય તેમ વિચારતાં આસુરી વૃત્તિ ઉપર આરૂઢ થઈ જાય છે અને ખોટું કામ કરાવે છે. આમ વૃત્તિઓ વચ્ચે આવું દ્વન્દ્વ હંમેશા ચાલ્યા જ કરે છે. આ યુદ્ધમાંથી અમૃત સુધી પહોંચવા માટે શું કરવું પડે ?

આસુરી વૃત્તિ સાથે હંમેશાં ઈન્દ્રિયો અને મન જતું રહેતું હોય છે. ત્યારે ભક્ત સાધકે કે મનુષ્યએ મનને તેમજ ઈન્દ્રિયોને મિત્ર બનાવી રાખવા પડે. તેમજ સમજણ અને વિવેકપૂર્વક મન ઈન્દ્રિય સાથે કામ લેવું પડે. આપણે મન ઈન્દ્રિયની ઉપેક્ષા કરવી પોસાય તેમ નથી. તો જ સાધક બળવાન થાય.

સંત તુલસીદાસ (પાના નં. ૪ નું ચાલુ)

તુલસી દાસના રામ અને વાલ્મિકીના રામમાં ફરક છે. વાલ્મિકીના રામ મર્યાદા પુરૂશોત્તમ હતા, જયારે તુલસીના રામ મર્યાદા પુરૂષોત્તમ હોવા છતાં ઈશ્વરનો અંશ છે. રામે અત્યાચારી અસુરો સામે હથિયારો ઉપાડ્યાં. મોગલ યુગના રામમાં ઈશ્વરી અંગે પ્રજાને મુસ્લિમ કાળમાં જીવવાનું અને જીતવાનું બળ આપ્યું.

તુલસીદાના રામે ભારતીય માનસને રસતરબોળ કર્યું. રામના શીલ અને શક્તિની સાથે ચરિત્રની ઊંચાઈએ પ્રજામાનસને આંદોલિત કરી દીધું.

તુલસીદાસની ચોપાઈઓએ રામાયણને ઘર ઘરનું કાવ્ય - મહાકાવ્ય બનાવી દીધું. તુલસીદાસે બીજા પણ કાવ્યગ્રંથો રચ્યા છે. 'વિનય પત્રિકા', 'કવિતાવલિ', 'ગીતાવલિ' વગેરે.

આ ગ્રંથોમાં પણ તુલસીદાસે ભગવાન રામની વિનમ્રતાપૂર્વક પ્રાર્થના જ કરી છે. જાણે મોગલોના અત્યાચાર સામે માથું ઝૂકાવીને આ ભક્ત ભગવાનનું શરણું સહાય યાચે છે. અને છેવટે ભગવાન પર બધું છોડતો હોય તેમ ગાય છે : **'રઘુવર રખિયો મેરી લાજ'**

અને રઘુવર પોતાના ભક્તની લાજ રાખતા હોય તેમ વર્ણન કર્યું. તુલસીદાસે જીવનવ્યવહારમાં કેટલાંક સૂચનો પણ દોહામાં કર્યા.

તુલસી ઈસ સંસારમે ભાત ભાત કે લોગ
સબસે હિલમિલ ચાલિયે, નદી-નાવ સંજોગ.

કાશીમાં તુલસીદાસજીએ હનુમાનજીનું મંદિર બંધાવ્યું, સુંદરકાંડ અને હનુમાન ચાલીસાનો પાઠ પણ ભારતભરનાં ઘરોમાં થાય છે.

શ્રાવણની શુક્લપક્ષની સાતમી તેમના પ્રાગટ્યદિને સંત તુલસીદાસનું સ્મરણ કરી ધન્ય થઈએ.

આગવો માણસ-આગવો માણસ

● બીજા પાનાનું અનુસંધાન

સરનામું હતું સેકટર-૬ ના ક્રિખ્ના વૃધ્ધાશ્રમનું! કળિયુગ છે, દાતાઓ છે. પૈસા છે, અને શશીકાન્ત મોઢા જેવા સજ્જનો પણ છે! બહુ ટૂંકા ગાળામાં શહેરની વ્યાપારી આલમમાં ઊભી કરેલી શાખને કારણે વૃધ્ધાશ્રમ માટે અનાજ કરિયાણાનું દાન મેળવવામાં તેમને કોઈ મોટી અડચણ ના પડી. સદ્‌ભાવ ટ્રસ્ટે સહયોગ મંડળના નામે સેવાપ્રવૃત્તિનો વિસ્તાર કર્યો. ગરીબ દર્દીઓને મફત દવા, વિધવા સહાય, દર્દીઓને ફળ, બિસ્કીટ અને મિઠાઈ વિતરણ જેવી સેવા માટે દર મહિને સાતેક હજાર રૂપિયા જેટલી સહાય કરવાનો તેમને મનોમન સંકલ્પ કર્યો. આ માટે નોકરીના સ્થળે ટેબલે ટેબલે ફરીને સાથી કર્મચારીઓ પાસે નાણાંકીય સહાયની ટહેલ નાંખી. આમ તો માંગવું અને મરવું એ બંને સરખું છે. પણ શશીકાન્તભાઈ ક્યાં પોતાના માટે માંગતા હતા? યાચકને માન અપમાન ન પાલવે. કોઈ ના પાડે, બે કડવા વેણ ઉચ્ચારે, કયારેક સહનશીલતાની કસોટી થાય પણ શશીકાન્તભાઈની નમ્રતા આગળ છેવટે સૌ ઝૂકી પડે. સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરમાં પાછળના ભાગે સ્વ. મુક્તાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતા સ્વજનગૃહમાં હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓના સગાને સવાર-સાંજ મફત જમવાનું આપવામાં આવે. શશીકાન્તભાઈએ આ જાણ્યું. તેમને આ પ્રવૃત્તિ સારી લાગી, સ્વેચ્છાએ ઝૂકાવ્યું. તેમની શાખ અહીં પણ કામમાં આવી. છેલ્લા કેટલાક વર્ષોથી ભોજન સામગ્રી ઉપરાંત જરૂરી ખાદ્યતેલ શશીકાન્તભાઈ મારફત આ સંસ્થાને અવિરત મળતું રહ્યું છે. ક્યાંથી અને કેમ તે તો શશીકાન્તભાઈ જ જાણે !

પિતાજીનું અવસાન થયું. દિવંગત આત્માઓના અસ્થિવિદાયની પ્રાર્થના સભામાં હાજર રહેવા પનું મળ્યું. સદવિચાર પરિવાર અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સંયુકત રીતે ચાલતી અસ્થિ વિસર્જનની પ્રવૃત્તિ નજરે નિહાળી. અત્યંત પ્રભાવિત થયા. નિસ્વાર્થી ભાવે ચાલતી આ સેવામાં જોડાઈ જવા આત્માનો આદેશ થયો. અસ્થિવિસર્જન સેવાના તમામ સ્તરે સક્રિય યોગદાન ઉપરાંત વર્ષમાં એક બે વાર તેઓ ખૂદ અસ્થિકુંભ લઈને હરિદ્વાર જાય છે. વીસ પચ્ચીસ વાર હરિદ્વાર જઈ આવ્યા છે. પારકા અસ્થિઓને સ્વજનના અસ્થિ પેઠે અંતિમ વિદાય આપી છે. સચિવાલયમાં અધિકારી છે, છતાં મુંડન કરાવતા શરમાતા નથી. અત્યંત લાગણીસભર વિધિના અંતે પોતાના પૈસે હરકી પોડી ખાતે ભિક્ષુકોને જમાડે છે. વર્ષ દરમિયાન ચાર અસ્થિકુંભો પણ તેમના તરફથી ઉપલબ્ધ કરાવાય છે. આ સંસ્થા અન્ય સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત કડકડતી ઠંડીમાં ગરીબો અને શ્રમિકોને ગરમવસ્ત્રો પહેરાવે છે, ધાબળા ઓઢાડે છે. ધોમધખતા ઉનાળામાં વંચિતોને પગરખાં આપે છે.પક્ષી પરબો વહેંચે છે. શશીકાન્ત મોઢાના દિલને આ પ્રવૃત્તિ પણ જચી ગઈ. વસાહત મહામંડળમાં સ્વેચ્છાએ જોડાયા. હોદ્દેદાર થયા. કેટલાક વર્ષોથી તેઓ વસાહત મહામંડળ દ્વારા ચાલતી તમામ સેવામાં અત્યંત સક્રિય રહેવા છતાં સરકારી સેવાક્ષેત્રે પણ નિષ્ઠાના ઉચ્ચ શિખરો સર કરતા રહ્યા છે. તેમના હકારાત્મક અભિગમને લીધે તેઓ જીવનના તમામ ક્ષેત્રે સફળતાને વર્યા છે. નિષ્ઠાવાન કર્મચારીના ચાર એવોર્ડ મળ્યા છે. એ નોંધનીય છે કે રાજયભરના ૨૦ મોસ્ટ પોઝીટીવ કર્મયાગીમાં તેમનો સમાવેશ થયો છે. ૨૦૦૩માં ગુજરાતના તત્કાલિન રાજયપાલશ્રી દ્વારા તેમની સેવાક્ષેત્રની નોંધપાત્ર કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું છે. ૨૦૦૫માં રોટરી કલબ દ્વારા જીદ્દિષ્ઠી ક્રર્હ્ટ્ટી જીઝ્ઝક થી સન્માનિત થયા છે. જુનિયર સિટિઝન્સ કાઉન્સીલની મેડિકલ કમિટીમાં તેઓ સક્રિય છે, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજના તેઓ ટ્રસ્ટી છે. તેઓ ઘસાઈને ઉજળા થવામાં માને છે. એક પરમ મિત્રની સહાયથી તેમણે અનામ મિત્રમંડળ બનાવ્યું છે. દાનમાં મળેલી રકમ તેઓ ગરીબ વિદ્યાર્થીઓને ચોપડા, નોટબુક, દર્દીઓને મફત દવા, ઓપરેશન, નિરાધાર માણસને સ્વરોજગારી વિગેરે જેવી સેવાકીય પ્રવૃત્તિ પાછળ વાપરે છે. પોતાના પગારનો ચોક્કસ હિસ્સો તેઓ પશુ પંખી પાછળ વાપરે છે. સેવાના તમ્મા ઉપર પરદા પાછળનો આ કલાકાર પ્રચાર અને પ્રસિધ્ધિના મોહથી પર છે તેની સાબિતી એટલી કે આ લેખ માટે મોટાભાગની વિગતો લેખક તેમના અંતરંગ મિત્રો પાસેથી જ જાણવા મળી શકી છે! આને કહેવાય સાચો મૂકસેવક !!!

વિચારકણિકા : સેવા કર્યા પછી કરેલી સેવાને ભૂલી જવામાં મજા છે...

આવો! સહચિંતન કરીએ... (પાના નં. ૪ નું ચાલુ)

બીજાઓની સફળતા વિશે ઉત્સાહ અનુભવજે. બીજા લોકોને એમનું પોતાનું મહત્ત્વ ભાસે તેમ કરવાની તકો શોધતો રહેજે. પોતાના ગુજરાન માટે કામ કરતા માણસ સાથે સન્માનથી વર્તજે - ભલે એ કામ ચાહે તેનું નજીવું હોય. સફળતા બીજાઓને ઉપયોગી થવામાં છે. પ્રામાણિક રીતે પુરૂષાર્થ કરતા રહેવામાં છે.'

માનવશરીર પંચમહાભૂતોનું તો બનેલું છે પરંતુ તેમાં તત્ત્વ ઉમેરવાનું હોય છે અને તે જ્ઞાન, સમજણ, માહિતી. સમાજજીવનના અસ્તિત્વનો આધાર આ સમજદારી છે. તમારા જન્મ પછી તેમને મા-બાપે કે સમાજે કોઈ એકલવાયા નિર્જન દરિયાઈ ટાપુ ઉપર મૂકી દીધા હોય તો? તો કદાચ તમે ન તો ભાષા જાણતા હોત કે ન તો દુનિયાદારી સમજી શકતા હોત. તમારી સ્થિતિ કોઈ અજાણ્યા ગ્રહ ઉપરથી આવી પડેલ જીવ જીવી હોત. પરંતુ તેવું થયું નથી કારણ? કારણ તેમને માતાપિતાએ કે મિત્રો-વડીલોએ કંઈક શીખવ્યું છે, તે બધાંને તેમનાં બુઝુર્ગોએ સમજણ અને કેળવણી આપી હતી અને તેમ સમાજ હજારો વર્ષથી એક-મેક પાસેથી કંઈક શીખતો આવ્યો છે. માહિતીની આપ-લે કરતો આવ્યો છે અને આથી જ આપણા વચ્ચે ૫૦૦૦ વર્ષ જૂનાં વેદાંત અને ઉપનિષદ હયાત છે, કુરાન હયાત છે, બાઈબલ હયાત છે. મનુષ્યના વિકાસનો મહત્તમ આધાર આદાન-પ્રદાન છે. માણસના ૧૨ થી ૧૪ રતલના મસ્તિષ્કમાં હજારો બાબતોની માહિતી છે. એટલું જ નહીં પરંતુ આ માહિતીના ઉપયોગ માટેની આવડત પણ છે, હાથ-પગ અને હૈયાસૂઝ ચલાવતા લોકો પાસે તો માહિતીઓ અને આવડતનો ખજાનો ભર્યો છે.

દુનિયામાં ઝડપથી જ્ઞાન અને માહિતીનો ફેલાવો થઈ રહ્યો છે અને ૨૧મી સદીના માનવ સમુદાયને કૉમ્પ્યુટર અને સૅટેલાઈટની મદદ મળી છે. ખેડૂતો ખેતરે હળલાકડું ચલાવતાં ચલાવતાં દુનિયાભરના ખેતીના નિષ્ણાંતોનું માર્ગદર્શન લઈ શકશે. કોઈ એક નાના ગામડામાં બેસી વણાટનું કામ કરતા વણકર ભાઈઓ પોતાનો માલ ઘરે બેસીને મુંબઈ - દિલ્હીમાં વેચી શકશે. પરંતુ આ બધી પ્રક્રિયામાં અક્ષરજ્ઞાન એ પ્રાથમિક સાધન હોઈ કહી શકાય કે અક્ષરજ્ઞાન એ ગરીબીનિવારણની ચાવી બને છે.

પંચમહાભૂતોનો દેહ ધારણ કરીને મનુષ્ય ધરતી માતાનો સાચા વારસદાર બની રહ્યો છે. ઈશ્વરના વરદાન સમુ માણસનું મગજ જેમાં પાર વિનાની યાદદાસ્ત અને આવડત પડી છે તેમા થોડીક વધુ કેળવણી અને સમજણ કે પરસ્પરનો સહકાર મુકી દેવામાં આવે તો પછી જુઓ જગત તમ